ફા. ક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧ (પા.ફા.-૬)
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
બ્લોક નં ૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૦/૧૨/૨૦૨૨.

પ્રતિ,
(૧) સેકશન અધિકારીશ્રી (ખ શાખા),
બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી (ડી- શાખા),
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૩) સેકશન અધિકારીશ્રી (એમ-૧ શાખા),
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૪) સેકશન અધિકારીશ્રી (ઝ, ક-૮ શાખા),
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા તજજ્ઞ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૨ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષસ્થાને તા.૦૬/૧૨/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર આપની દરખાસ્તો અન્વયે તજજ્ઞ સમિતિ દ્વારા દરખાસ્ત હેઠળના સંવર્ગો માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરેલ છે. ઉકત બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે આપને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:- (કાર્યવાહી નોંધની નકલ સાથે)

(૧) કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
(૨) સંયુક્ત સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) સેક્શન અધિકારીશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર તરફ.. કાર્યવાહી નોંધને વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

# પેટા તજજ્ઞ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે પેટા તજજ્ઞ સમિતિની બેઠક તા.૦૬/૧૨/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષ્ચર-૧ મુજબ છે. સંયુક્ત સચિવશ્રી (સ.સુ.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

- **એજન્ડા નં. ૧** :- બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હેઠળની વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી હસ્તકના કુલ ૫ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ કાર્યવાહી: બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હેઠળની વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી હસ્તકના નીચે દર્શાવેલ ક્રમ (૧) થી (૪) સંવર્ગોની કામગીરીને અનુરૂપ સમાન પ્રકારના સંવર્ગ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં ન હોવાથી ઉક્ત સંવર્ગોની કામગીરીને ધ્યાને લઇ કયા પ્રકારની દિવ્યાંગા ધરાવતા વ્યક્તિઓ ફરજ બજાવી શકે તેની વિચારણા કરવામાં આવેલ. સંવર્ગોની કામગીરી તેમજ ભરતી નિયમો ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૩ | - | - | LC, AAV | - | - | - | LC, AAV | - |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૨ | - | - | LC, AAV | - | - | - | LC, AAV | - |
| ૩ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિક્ષક/ સહાયક વાહન વ્યવહાર નિયામક | ૨ | - | - | LC, AAV | - | - | - | LC, AAV | - |
| ૪ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી/ નાયબ વાહન વ્યવહાર નિયામક | ૧ | - | - | LC, AAV | - | - | - | LC, AAV | - |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૨ | - | - | LC, AAV | - | B, LV | HH | OA, BA, OL, BL, OAL, BLOA, BLA, LC, Dw, AAV, SD, SI | SLD, MD |

○ <u>એજન્ડા નં. ૨</u> :- <u>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ</u> હેઠળના બાગાયત ખાતા હસ્તકના કુલ ૬(છ) સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ <u>કાર્યવાહી</u> :- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના બાગાયત ખાતા હસ્તકના નીચે દર્શાવેલ ૬(છ) સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવેલ. કૃષિ વિભાગ દ્વારા આ સંવર્ગોમાં, ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના સંવર્ગો માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા રજુઆત કરવામાં આવેલ. બાગાયત ખાતા હસ્તકના સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સંવર્ગોનો અધિક્રમ વિશે તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. ભારત સરકાર દ્વારા સદર સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

| કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના બાગાયત ખાતા હસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | બાગાયત નિરીક્ષક | 3 | ૭૯ | LV | HH | OA, OL, OAL, LC Dw, AAV, | SLD, ASD(M) MD, | LV | D, HH | OA, OL,OAL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, ASD(M), MI, MD |
| ૨ | બાગાયત અધિકારી | ૨ | ૩૧૪ | LV | HH | OA, OL, OAL, LC Dw, AAV, | SLD, ASD(M) MD, | LV | D, HH | OA, OL, OAL,CP, LC, Dw, AAV, SD, SI | SLD, ASD(M), MI, MD |
| 3 | મદદનીશ બાગાયત નિયામક | ૨ | ૬૪ | LV | HH | OA, OL, OAL, LC Dw, AAV, | SLD, ASD(M) MD, | LV | D, HH | OA, OL, OAL,CP, LC, Dw, AAV, SD, SI | SLD, ASD(M), MI, MD |
| ૪ | નાયબ બાગાયત નિયામક | ૧ | ૪૦ | LV | HH | OA, OL, OAL, LC Dw, AAV, | SLD, ASD(M) MD, | LV | D, HH | OA, OL, OAL,CP, LC, Dw, AAV, SD, SI | SLD, ASD(M), MI, MD |
| ૫ | સંયુક્ત બાગયત નિયામક | ૧ | ૦૯ | LV | HH | OA, OL, OAL, LC Dw, AAV, | SLD, ASD(M) MD, | LV | D, HH | OA, OL, OAL,CP, LC, Dw, AAV, SD, SI | SLD, ASD(M), MI, MD |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | બાગયત નિયામક | ૧ | ૦૧ | LV | HH | OA, OL, OAL, LC Dw, AAV, | SLD, ASD(M) MD, | LV | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, ASD(M), MI, MD |

○ **<u>એજન્ડા નં. 3</u>** :- <u>કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ</u> હેઠળના મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના કુલ ૧૮ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ **<u>કાર્યવાહી</u>** :- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના નીચે દર્શાવેલ ૧૮ સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સંવર્ગોનો અધિક્રમ તેમજ ભારત સરકાર દ્વારા સદર સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

| કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ મત્સ્યોદ્યોગ નિયામક (તાંત્રિક) | 3 | ૭ | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw, SD, SI | MI, MD |
| ૨ | નાયબ મત્સ્યોદ્યોગ નિયામક (તાંત્રિક) | ૧ | ૧૧ | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw, SD, SI | MI, MD |
| 3 | મત્સ્યોદ્યોગ અધિક્ષક | ૨ | ૩૭ | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw, SD, SI | MI, MD |
| ૪ | મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક (સિ) | 3 | ૧૦૯ | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw, SD, SI | MI, MD |
| ૫ | મત્સ્ય અધિકારી (સા) | 3 | ૧૧3 | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, LC , CP, AAV, Dw, SD, SI | MI, MD |
| ૬ | સંશોધન મદદનીશ (આં) | 3 | ૧૬ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw | ASD(M) MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw, SD, SI | ASD(M) MI, MD, |
| ૭ | મત્સ્ય સહાયક (આં) | 3 | ૧૬ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw | ASD(M) MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw, SD, SI | ASD(M) MI, MD, |
| ૮ | મત્સ્ય ગણતરીદાર (આં) | | ૧૭ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC ,CP, AAV, Dw | ASD(M) MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw, SD, SI | ASD(M) MI, MD, |
| ૯ | ફિલ્ડમેન | 3 | ૩૯ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw | ASD(M) MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw, SD, SI | ASD(M) MI, MD, |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | એટેન્ડન્ટ કમ ફિલ્ડમેન કલેકટર | 3 | ૧૭ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw | ASD (M) MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw, SD, SI | ASD(M) MI, MD, |
| ૧૧ | ફોરમેન મિકેનિક | 3 | ૫ | - | D, HH | OA, OL, LC , CP, AAV, Dw | SLD, MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, OAL, LC, AAV, Dw, SD, SI | ASD(M, MoD), SLD, MI, MD, |
| ૧૨ | મિકેનિક | 3 | ૧૬ | - | D, HH | OA, OL, LC , CP, AAV, Dw | SLD, MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, OAL, LC, AAV, Dw, SD, SI | ASD(M, MoD), SLD, MI, MD, |
| ૧૩ | મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક (વહીવટ ) | ૧ | ૨ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, BLOA, CP, LC, AAV, Dw, MDy | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, BLOA, CP, LC, AAV, Dw, MDy, SD, SI | MI, MD, |
| ૧૪ | વહીવટી અધિકારી | ૨ | ૮ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, BLOA, CP, LC, AAV, Dw, MDy | MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, BLOA, CP, LC, AAV, Dw, MDy, SD, SI | MI, MD, |
| ૧૫ | કાર્યાલય અધિક્ષક | 3 | ૪૦ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, | SLD, MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI | SLD, MI, MD, |
| ૧૬ | હેડ ક્લાર્ક | 3 | ૪૦ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, | SLD, MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI | SLD, MI, MD |
| ૧૭ | સીનીયર ક્લાર્ક | 3 | ૫૩ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, | ASD(M), SLD, MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI | ASD(M), SLD, MI, MD |
| ૧૮ | જુનીયર ક્લાર્ક | 3 | ૬૯ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw | ASD(M),SLD, MI, MD, | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, AAV, Dw, SD, SI | ASD(M), SLD, MI, MD |

○ **એજન્ડા નં. ૪** :- મહેસૂલ વિભાગ હસ્તકના ચાર સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ **કાર્યવાહી** :- મહેસૂલ વિભાગ હસ્તકના સંવર્ગો નાયબ કલેકટર, મામલતદાર, નાયબ મામલતદાર તથા રેવન્યુ તલાટી સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા માટે મહેસૂલ વિભાગના અધિકારીશ્રી દ્વારા તજજ્ઞ સમિતિ સમક્ષ સંવર્ગોની કામગીરી ધ્યાને લઇ, દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવા રજૂઆત કરેલ તેમજ મહેસૂલ વિભાગ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના તલાટી જેવા સંવર્ગ સમાન હોય, બંન્ને વિભાગોના સમાન સંવર્ગો માટે સમાન દિવ્યાંગતાના પ્રકાર માન્ય રાખવામાં આવે તેવી તજજ્ઞ સમિતિને રજૂઆત કરવામાં આવેલ. પંચાયત વિભાગ હસ્તકના તલાટી સંવર્ગ માટે તા.૨૯/૦૭/૨૦૨૧ની બેઠકમાં તથા ગુજરાત વિકાસ

સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ના સંવર્ગો માટે તા.૨૫/૦૮/૨૦૨૨ની બેઠકમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવામાં આવેલ છે. આથી, મહેસૂલ વિભાગ હસ્તકના સંવર્ગો તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના સમાન સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા માટે બંન્ને વિભાગો સાથે રાખીને તજજ્ઞ સમિતિની બેઠક્નું આયોજન કરવાનો નિર્ણય થયેલ.

○ <u>એજન્ડા નં. ૫</u>:- <u>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ</u> હેઠળના શ્રમ તંત્ર હસ્તકના પાંચ સંવર્ગો માટે, તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખેલ "Deaf (D)" પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ <u>કાર્યવાહી</u> :- શ્રમ તંત્ર હસ્તકના પાંચ સંવર્ગો માટે, તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખેલ "Deaf (D)" પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા સંદર્ભે સમિતિના અધ્યક્ષ વ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવશ્રીની ઉપસ્થિતિમાં અલગથી તજજ્ઞ સમિતિની બેઠક રાખવાનું નક્કી થયું.

○ <u>એજન્ડા નં. ૬</u> :- ડિસેબિલીટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમ દ્વારા તા.૨૭/૦૯/૨૦૨૨ના પત્રથી દિવ્યાંગતા પ્રમાણપત્ર અંગે કરેલ રજૂઆત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ <u>કાર્યવાહી</u> :- ડિસેબિલીટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમ દ્વારા તા.૨૭/૦૯/૨૦૨૨ના પત્રથી કામચલાઉ દિવ્યાંગતા (Temporary Disability) ધરાવતા વ્યક્તિઓને દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર નોકરી મળી જતી હોવાનું તથા કાયમી દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને નોકરીથી વંચિત રહેવું પડતુ હોવાની રજૂઆત કરેલ. દિવ્યાંગતા સર્ટિફિકેટમાં અમુક દિવ્યાંગતાની ટ્કાવારીમાં ફેરફાર થવાની સંભાવના હોવાથી કામચલાઉ દિવ્યાંગતા (Temporary Disability)નું પ્રમાણપત્ર આપવામાં આવતું હોવાની તજજ્ઞ સમિતિ દ્વારા ચર્ચા કરવામાં આવેલ તથા ડિસેબિલીટી રાઇટ્સ એન્ડ અવેરનેસ ફોરમ દ્વારા કરેલ રજૂઆતમાં કોઇ આધાર પુરાવા રજૂ કરેલ ન હોઇ, આધારપુરાવા સાથે રજૂઆત કરવામાં આવે ત્યારબાદ યોગ્ય નિર્ણય લઇ શકાય તેમ જણાવેલ આ માટે સંસ્થાને પત્ર પાઠવવો.

○ <u>એજન્ડા નં. ૭</u> :- **Both Arm (BA)** અને **Both Leg (BL)** દિવ્યાંગતા જે તે સંવર્ગ માટે માન્ય કરતી વખતે BA તથા BL કેટેગરીની દિવ્યાંગતાને વધુ ચોક્ક્સ રીતે દર્શાવવા બાબતે વિચારણા કરવી જેથી બંન્ને હાથ/પગની દિવ્યાંગતા હોવા છતાં સામાન વ્યક્તિની જેમ હલનચલન અને કામ કરી શકતી વ્યક્તિઓને અન્યાય ના થાય.

➢ <u>કાર્યવાહી</u> :- Both Arm (BA) અને Both Leg (BL) દિવ્યાંગતા જે તે સંવર્ગ માટે માન્ય રાખવામાં આવેલ ન હોવાથી બંન્ને પગ અથવા બંન્ને હાથની દિવ્યાંગતા ધરાવતા હોવા છતાં સક્ષમ રીતે સામાન્ય માણસની જેમ કાર્ય કરી શકતા ઉમેદવારોને ફિલ્ડ વર્ક જરૂરી હોય તેવી જગાઓ માટે અરજી કરવાની તક આપવામાં આવતી નથીં અને તેમને અન્યાય થતો હોવાની રજૂઆત વિભાગને તથા

કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાને મળતી હોવાથી ફિલ્ડ વર્ક જરૂરી હોય તેમજ ટેકનિકલ વર્ક જરૂરી હોય તેવી જગાઓ માટે **BL** કે **BA** કેટેગરીને માન્ય રાખતી વખતે દિવ્યાંગતાને વધુ ચોક્કસ રીતે દર્શાવવા બાબતે તજજ્ઞ સમિતિ દ્વારા ચર્ચા કરવામાં આવેલ.

- તજજ્ઞ સમિતિ દ્વારા જે તે સંવર્ગની કામગીરી અનુસાર Functional requirement જેમ કે writing, walking વગેરે નક્કી કરી, જે તે સંવર્ગમાં Both Arm (BA) અને Both Leg (BL) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પરીક્ષા આપવા માટે માન્ય રાખવા પરંતુ જે તે સંવર્ગ માટેની આખરી નિમણૂંક મેડિકલ બોર્ડના અભિપ્રાયના આધારે જે તે સંવર્ગ માટે કામગીરી કરવા આવા દિવ્યાંગ ઉમેદવાર સક્ષમ છે કે નહિ તેની ચકાસણી કર્યા બાદ નિમણૂંક આપવાનો નિર્ણય થયેલ. આ માટે ફિલ્ડ વર્ક કે ટેકનિકલ વર્કના સંવર્ગોની ભરતીની જાહેરાતમાં સંબધિત વિભાગે નીચે મુજબની સ્પષ્ટતા કરીને BA અને BL દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની મંજુરી આપવાની રહેશે.

1. બંન્ને હાથ અને બંન્ને પગની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઇ કૃત્રિમ અવયવની મદદ સાથે કે તેના વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવો જોઇશે.
2. આવા ઉમેદવાર લેખિત પરીક્ષા કે ઇન્ટરવ્યુ પાસ કરે ત્યારબાદ મેડિકલ બોર્ડનો અભિપ્રાય મેળવવાનો રહેશે આ અભિપ્રાયના આધારે તેમને નિમણૂંક માટે લાયક ગણવા કે નહી તે નક્કી કરવામાં આવશે તેમજ તેમની નિમણૂંક કરવામાં આવશે.

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની સંયુક્ત સચિવશ્રી (સ.સુ.) એ બેઠક સમાપ્ત કરી.

**<u>Code and functional classification</u>**:- Blind (**B**), Low vision (**LV**) **(40-70)%**, Deaf (**D**), [Hard of hearing(**HH**) **(40-70)%]**, [Locomotor disability (**LD**) :- one arm (**OA**) , one leg (**OL**) , both arm (**BA**), one arm one leg (**OAL**) , both legs arms (**BLA**), both legs one arm (**BLOA**), one arm both legs (**OABL**), both arms one leg (**BAOL**), both arms both leg (**BABL**), one arm one leg (**OAOL**)], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability (**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**), [Autism Spectrum Disorder **(ASD) M**-Mild, **MoD**-Moderate], [Multiple Disabilities **(MD)** :- (Disabilities included in group **(A)** to **(D)** )]. Spine Deformity **(SD)** Spine Injury **(SI)** :

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી વતી.

(સુશીલ વ્યાસ)
ઉપ સચિવ
નાયબ સચિવ,(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ વતી.

(વિક્રમસિંહ જાદવ)
નિયામક
સમાજ સુરક્ષા ખાતું.

(વી.જે.રાજપુત)
કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# એનેક્ષ્ચર-૧

તજજ્ઞ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અધ્યક્ષ).
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. સંયુક્ત સચિવશ્રી, (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
5. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ વતી ઉપ સચિવશ્રી (ક.ગ.)
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ

બેઠકમાં બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, મહેસૂલ વિભાગ તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતાં.